### સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર સંલગ્ન અરિહંત ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોમીયોપેથી દ્વારા

# 'વિશ્વ હોમીયોપેથી દિવસ'ની ઉત્સાહી ઉજવણી





ગાંધીનગર, તા. ૧૧

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગરની અરિહંત ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોમીયોપેથી દ્વારા તા. ૧૦ એપ્રિલ, ૨૦૧૯ ના રોજ 'વિશ્વ હોમીયોપેથી દિવસ'ની ખુબ જ ઉત્સાહભેર ઉજવણી કરવમાં આવી હતી.

આ કાર્યક્રમમાં કોલેજ ના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ, ફેકલ્ટી સભ્યો તથા યુનિવર્સિટીના કુલપતિ ડો. બાલા ભાસ્કરન, કુલ સચિવ ડો. એસ.કે. ઠાકુર, શૈક્ષણિક નિયામક ડો. ડી. જે. શાહ તથા અન્ય શાખાના પ્રિન્સિપાલ અને વડા ઉપસ્થિત રહ્યા હતા અને પોતાનું મંતવ્ય આપ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ હોમીયોપેથી વિષે જાણકારી આપવાનો, તેના ફાયદાઓ અને વૈદ્યકીય વૈકલ્પિક સિસ્ટમ અંગે માહિતી પ્રસાર કરવાનો હતો. હોમિયોપેથી એ શરીરની પોતાના હિલીંગ પ્રતિસાદોને ટ્રિગર કરવાના સિદ્ધાંતના આધારે દવાઓની પદ્ધતિ છે. તે લગભગ ૨૦૦ વર્ષથી ચાલતી આવી છે અને અત્યંત ઉપયોગી સાબિત થઈ છે. હોમિયોપેથીની શોધ ડો. સેમ્યુઅલ હેનમેન દ્વારા કરવામાં આવી હતી, જે પોતે પશ્ચિમની દવાઓનો અભ્યાસ કરતા ડૉક્ટર હતા. દર વર્ષે ૧૦ એપ્રિલના રોજ, તેઓના જન્મ જયંતી વર્લ્ડ હોમિયોપેથી દિવસ તરીકે હાનેમૅનને શ્રદ્ધાંજલિ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે ૨૦૧૯માં, હેનહેમનનો ૨૬૪ મો જન્મદિવસ છે. હોમિયોપેથી વિકસાવવા માટે પડકારો અને ભાવિ વ્યૂહરચનાઓ સમજવા માટેનો પણ આ એક દિવસ છે. તેનો હેતુ દવાઓની વૈકલ્પિક પદ્ધતિ વિશે જાગૃતિ લાવવા અને ઍક્સેસિબિલીટી તથા સફળતા દરોમાં સુધારો કરવાનો છે. વિશ્વ હોમિયોપેથી દિવસ એ સમુદાયને નવીનીકરણ, પુનર્નિર્માણ અને ઔદ્યોગિકરણની આધુનિકતા સાથે એકસાથે લાવવા માંગે છે જેથી કરીને વધુ લોકો તેના ફાયદા મેળવી શકે.

હોમિયોપેથી દવાઓની એક વૈકલ્પિક પદ્ધતિ છે, જે એક પદાર્થ દ્વારા રોગનો ઉપચાર થઈ શકે છે જે કુદરતી ઘટકોના અત્યંત-ઘટાડેલા ડોઝનો ઉપયોગ કરીને બિમારી જેવા લક્ષણોને પ્રેરિત કરી શકે છે. આ પદાર્થો શરીરની હીલિંગ સિસ્ટમને ટ્રિગર કરવાનું માનવામાં આવે છે.

હોમિયોપેથિક ઘટકોની માત્રા ઓછી કરવી, દવાઓની શકિત વધારે છે. કેટલાક હોમિયોપેથિક પદાર્થો એટલી મોટી માત્રામાં મંદ થાય છે કે મૂળ પદાર્થોના કોઈ નિશાનીઓ અથવા પરમાણુઓ રહેતાં નથી છતાં તેની અસર ખૂબ જ હોય છે.

અરિહંત ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોમીયોપેથી ના વિદ્યાર્થીઓ એ અલગ અલગ શિક્ષિત અને મનોરંજક કાર્યક્રમોનું આયોજન કરેલ હતું જેમાં પ્રાર્થના, ક્વિઝ સ્પર્ધા, નાટક, કોમેડી વિગેરે નો સમાવેશ હતો.

## જન્મદિને વધામણી



જીગર એન પટેલ (વેસ્ટર્ન એગ્રી સીડ્સ ગ્રુપ)



ફોરમ અશોકકુમાર ઠાકોર



રુહાની કિરણકુમાર ગોહિલ

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## બીબીએના વિદ્યાર્થીઓનું ઔદ્યોગિક એકમોમાં ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ



ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર સ્થિત કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના વિદ્યાર્થીઓની ઈન્ટર્નશીપ માટે કોલેજ ખાતે કાર્યક્રમ યોજાવામાં આવ્યો હતો.

આ ઈન્ટર્નશીપ ડ્રાઈવમાં કુલ ૧૬ વિદ્યાર્થીઓએ ઈન્ટરવ્યુ આપ્યા હતા, જેમાંથી ૧૧ વિદ્યાર્થીઓની પસંદગી થઇ હતી. વિદ્યાર્થીઓ આ ૩૦ દિવસની ઈન્ટેન્શીપ દરમ્યાન માર્કેટિંગ તેમજ ફાઈનાન્સ ક્ષેત્રમાં રાષ્ટ્રીય સ્તરે જાણીતી કંપની સેલ્સ ઈન્ડિયામાં વિવિધ પાસાઓ સમજી સામાન્ય ઉપભોક્તાને તેના વિષે સાચી સમજ આપશે.

આ જ રીતે કલ્પતરુ તેમજ સહજાનંદ લેસર કંપની દ્વારા પણ વિદ્યાર્થીઓનું ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ સંસ્થામાં આવીને કરવામાં આવ્યું હતું.

કલ્પતરુ પ્રા.લી.નો પરિચય સુધાંશુ જહા દ્વારા આપવા માં આવ્યો હતો. સહજાનંદ લેસર તરફથી નીલોફરબેન અને પ્રસન્ના શુક્લા દ્વારા વિદ્યાર્થીઓની પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

કૉલેજ તરફથી કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ટ્રેનિંગ અને પ્લેસમૅન્ટ કમિટીના હેડ ડૉ. જયેશ જે. તન્ના, પ્રો.આશિષ ભુવા તેમજ કૉલેજ પરિવાર દ્વારા જહેમત ઉઠવવામાં આવી હતી.

### ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ)ના સહયોગથી

# ઍસઍસવી કૅમ્પસ દ્વારા સમર કૅમ્પનું આયોજન

**બેબી ડાન્સ, કથક, ડ્રોઈંગ, આર્ટ ઍન્ડ ક્રાફ્ટ, ઍક્ટિંગ, કાવ્યપઠન, કૅરમ, ચેસ, ક્રિકેટ, વૉલીબૉલ, બાસ્કેટ બૉલ, કૅલિગ્રાફી, સાયન્સ સ્પાર્ક, વેસ્ટર્ન ડાન્સ, ગાયન, પર્સનાલિટી ડેવલપમૅન્ટ અને સ્પીચ ક્રાફ્ટની તાલીમ આપવામાં આવશે**

ગાંધીનગર

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નરત ઍસઍસવી કૅમ્પસ દ્વારા ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ કલબ (જી ઈ કલબ)ના સહયોગથી વિવિધ રમતો અને કલાઓની પધ્ધતિસરની તાલીમ અર્થે સમર કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં ઍસઍસવી કૅમ્પસના ટ્રસ્ટી શૈલેષ રાજગોર દ્વારા જણાવવામાં આવ્યું છે કે માત્ર અભ્યાસ નહીં, પરંતુ ઈતર પ્રવૃત્તિઓ, સ્પોર્ટ્સ અને કલા પણ વિદ્યાર્થીઓના વિકાસ માટે જરૂરી છે. અને આ જરૂરિયાતનો સ્વીકાર કરી પ્રથમથી જ અમારો અભિગમ વિદ્યાર્થીઓને આ બધી જ બાબતો સાથે જોડવાનો રહ્યો છે. સમર કૅમ્પ પણ આ જ ક્રમમાં યોજવામાં આવતો એક નિયમિત ઉપક્રમ છે. વિદ્યાર્થીઓને વધુ સારા નિષ્ણાતો પ્રાપ્ત થઈ શકે, સરળ રીતે તાલીમ પ્રાપ્ત થઈ શકે એવા સતત પ્રયત્નો સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવે છે. આ હેતુસર સમર કૅમ્પ ક્ષેત્રે છેલ્લાં વીસેક વર્ષથી કાર્યરત ગાંધીનગરની સંસ્થા જી ઈ ક્લબનો સહયોગ પણ આ વખતના સમર કૅમ્પ માટે લેવામાં આવ્યો છે. સમર કૅમ્પ તા. ૨૪મી એપ્રિલથી ૪થી મે દરમિયાન ઍસઍસવી કૅમ્પસ, સૅક્ટર-૩ બી, ગાંધીનગર ખાતે યોજવામાં આવશે અને તે ત્રણ વયજૂથમાં યોજાશે. પહેલા વયજૂથમાં પાંચ વર્ષ કરતાં ઓછી વયનાં બાળકો ભાગ લેશે. આ જૂથનાં બાળકો માટે બેબી ડાન્સ, ડ્રોઈંગ, આર્ટ ઍન્ડ ક્રાફ્ટ, કૅલિગ્રાફીની તાલીમ યોજવામાં આવશે. આ વયજૂથનાં બાળકો માટે તાલીમનો સમય સવારે ૮થી ૧૦.૩૦ સુધીનો રહેશે.

બીજા વયજૂથમાં પાંચથી આઠ વર્ષની વયનાં બાળકો ભાગ લઈ શકશે. આ જૂથનાં બાળકો માટે બેબી ડાન્સ, કથક, ડ્રોઈંગ, આર્ટ ઍન્ડ ક્રાફ્ટ, ઍક્ટિંગ, કાવ્યપઠન, કૅલિગ્રાફી, કૅરમ તથા ચેસની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પૈકી કોઈ એક કલા અથવા રમતની તાલીમ તાલીમાર્થી મેળવી શકશે. આ વયજૂથનાં બાળકો માટે તાલીમનો સમય સવારે ૭.૩૦થી ૧૧ સુધીનો રહેશે.

ત્રીજા વયજૂથમાં ૯થી ૧૩ વર્ષની વયનાં બાળકો ભાગ લઈ શકશે. આ જૂથનાં બાળકો માટે ક્રિકેટ, બાસ્કેટ બૉલ, વૉલીબૉલ, સાયન્સ સ્પાર્ક, ઍક્ટિંગ, વેસ્ટર્ન ડાન્સ, ગાયન, પર્સનાલિટી ડેવલપમૅન્ટ અને સ્પીચ ક્રાફ્ટની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પૈકી કોઈ એક કલા અથવા રમતની તાલીમ તાલીમાર્થી મેળવી શકશે. આ વયજૂથનાં બાળકો માટે તાલીમનો સમય સવારે ૭.૩૦થી ૧૧ સુધીનો રહેશે. આ ઉપરાંત મોટાં બે વયજૂથનાં બાળકો માટે નિયમિત યોગની તાલીમનું આયોજન પણ આ કૅમ્પ અંતર્ગત કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે ઍસઍસવી કૅમ્પસ દ્વારા સતત ત્રીજા વર્ષે સમર કૅમ્પનું આયોજન થઈ રહ્યું છે. ગત વર્ષમાં આ કૅમ્પમાં ૬૫૦ તાલીમાર્થી બાળકોએ ભાગ લીધો હતો. અલબત્ત, આ વખતે વધુ સારા પરિણામ માટે સંખ્યા મર્યાદિત રાખવામાં આવી છે, તેથી તાલીમાર્થીઓને સત્વરે ઍડમિશન મેળવી લેવા તેમણે અનુરોધ કર્યો છે. ઍડમિશન માટે 'વહેલા તે પહેલા'નું ધોરણ ધ્યાને લેવાશે.

ઍડમિશન મેળવવા માટે સવારે ૯થી ૧૨ દરમિયાન ઍસઍસવી કૅમ્પસ, સૅક્ટર-૩ બી, ગાંધીનગરનો રૂબરૂ સંપર્ક કરવો. તાલીમાર્થીનો પાસ પોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અને વયનો પુરાવો સાથે રાખવો એમ સમર કૅમ્પની ફી રૂા. ૩૫૦ નિયત કરવામાં આવી છે. તાલીમાર્થીઓને શિબિરના સંભારણાંરૂપે શરૂઆતમાં એક આકર્ષક ટી-શર્ટ અને શિબિરના સમાપન ટાણે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

## યુનિટી ઑફ ગાંધીનગર દ્વારા ડૉ. આંબેડકર જયંતિની ઉજવણી કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૧

યુનિટી ઑફ ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ બંધારણના ઘડવૈયા ભારત રત્ન ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૧૨૮મી જન્મ જયંતિની ઉજવણી પ્રસંગે તા. ૧૪મી એપ્રિલ ને રવિવારના રોજ સવારે ૯ વાગે '૧૨૮ કિગ્રા કેક' નાનાં બાળકોના હસ્તે કપાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર પ્રતિમા પાસે, ગુજરાત વિધાનસભા સામે આ ઉજવણી હાથ ધરવામાં આવશે. સૌ નાગરિકોને આ ઉજવણીમાં સામેલ થવા સંસ્થા દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# શ્રીલંકાના આંતરરાષ્ટ્રીય યુવા મહોત્સવમાં અમદાવાદના યુવાને દેશનું પ્રતિનિધત્વ કર્યું



ગાંધીનગર, તા. ૧૧

શ્રીલંકામાં યૌવન પુરાયા નામે છેલ્લા ૫ વર્ષથી આંતરરાષ્ટ્રીય યુવા મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. જેમાં શ્રીલંકાના સાત હજાર યુવાનોની સાથે વિશ્વભરના ૩૫ દેશના ૧૫૦ યુવક-યુવતીઓ ભાગ લે છે અને વૈશ્વિક સમયસ્યાઓ પર સંવાદ કરે છે.

આ વખતે શ્રીલંકાના હમ્બનટોટા ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવું હતું. જેમાં ભારતના કુલ ૧૦ યુવાનોમાંથી અમદાવાદના યુવાન પ્રતીક બચાણીએ શ્રીલંકામાં ભારતનું પ્રતિનિધત્વ કર્યું હતું.

પ્રતીક બચાણીએ જણાવ્યું હતું કે પર્યાવરણ, યુવા-વિકાસ, નેતૃત્વકળા, આરોગ્ય, રોજગાર, સમાજ સુરક્ષા અને સરંક્ષણ જેવા વિષયો પર ચર્ચા થઈ હતી. કાર્યક્રમના છેલ્લા દિવસે શ્રીલંકાના વડાપ્રધાન રાનિલ વિક્રમસિંઘ, યુવા મંત્રી સાગલા રત્નાયકે ખાસ હાજર રહ્યા હતા. શ્રીલંકાના વડાપ્રધાન વિક્રમસિંઘને ગુજરાતમાં આર્ટ અને ક્રાફ્ટ પર કામ કરતા કારીગર દ્વારા દોરાથી બનાવેલા 'સ્ટેટ્યૂ ઓફ યુનિટી' ની પ્રતિકૃતિની ભેટ આપી હતી. દરમિયાન તેમને સ્ટેટ્યૂ ઓફ યુનિટીની મુલાકાત કરવા ગુજરાતમાં આવવા માટે આમંત્રણ આપ્યું હતું.

પ્રતીક બચાણી એ સામાજિક કાર્યકર છે, જેમને યુવા અને ખેલ મંત્રાલય, ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ના રાષ્ટ્રીય યુવા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલા છે. અત્યારે તેઓ મહિલાઓને લઈને પ્રોજેક્ટ રક્તકણિકા પર કામ કરી રહ્યા છે જેમાં તેઓ કુપોષણ, માસિક સ્ત્રાવ અંગે જાગૃતિ સાથે યુવાનો રક્તદાનની પ્રવૃત્તિમાં વધારેમાં વધારે ઉત્સાહભેર ભાગ લે તેના કાર્યક્રમ કરે છે.

આ ઉપરાંત તેઓ દિવ્યાંગો, વૃધ્ધો, ઐતિહાસિક ધરોહરની જાળવણી, સામાજિક મુદ્દાઓ પર ફિલ્મ બનાવવી જેવા ઘણા બધા વિષયો પર કામ કરી રહ્યા છે. આ કામને ધ્યાનમાં રાખીને નેશનલ યુથ સર્વિસ કાઉન્સિલ, શ્રીલંકા દ્વારા તેમની પસંદગી કરવામાં આવી હતી.

# શિક્ષણ બૉર્ડની પ્રખરતા શોધ કસોટીમાં ઍમ. બી. પટેલ અંગ્રેજી સ્કૂલ ઝળકી



ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ, ગાંધીનગર દ્વારા લેવાતી 'પ્રખરતા શોધ કસોટી-૨૦૧૯'ની પરીક્ષા ગત તા. ૧૧ ફેબ્રુઆરીના રોજ શ્રી જે ઍમ ચૌધરી સ્કૂલ ખાતે યોજવામાં આવી હતી. આ પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે, જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓ ઝળકી ઉઠ્યા છે.

આર્યન કેતનભાઈ શાહ ૯૯.૯૩, મહેશ ગૌતમભાઈ ચૌધરી ૯૯.૮૧ અને સ્મિત રાઠોડે ૯૮.૫૬ પર્સેન્ટાઈલ મેળવીને ૧થી ૧૦૦૦ના મેરિટમાં સ્થાન મેળવ્યું છે. શિક્ષણ બૉર્ડ દ્વારા રૂપિયા ૧ હજારનું ઈનામ આપીને વિદ્યાર્થીઓને બિરદાવવામાં આવ્યા હતા. શાળા પરિવાર વતી આ તમામ વિદ્યાર્થીઓને ઈન-ચાર્જ શિક્ષક નરેન્દ્રભાઈ પટેલ અને આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન દ્વારા બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ડિપ્લોમા કોર્સિસમાં પ્રવેશની બાબત આચારસંહિતાના પગલે અનિર્ણિત

ગાંધીનગર, તા. ૧૧

ધો.૧૦ પછી ડિપ્લોમા ઈજનેરી સહિતના જુદા જુદા કોર્સમાં પ્રવેશ માટેની તૈયારી ડિપ્લોમા પ્રવેશ સમિતિ દ્વારા રાજ્યની ૧૧૦ જેટલી ડિપ્લોમા ઈજનેરી કોલેજના પ્રિન્સિપાલ અને જવાબદાર વ્યકિતઓને બોલાવવામાં આવ્યા હતા. રાજ્યના તમામ વિસ્તારમાંથી આવેલા પ્રિન્સિપાલની બેઠક દરમિયાન પ્રવેશ સમિતિ દ્વારા આચારસંહિતાના કારણે કોઈ સ્પષ્ટતા થઈ શકશે નહીં તેમ જણાવીને બેઠક પૂર્ણ કરી દેવાતા અનેક સંચાલકોમાં ભારે આક્રોશ ફેલાયો હતો. આચારસંહિતા લાગુ છે તેની જાણકારી હોવા છતાં શા માટે દરેક સંચાલકોને બોલાવવામાં આવ્યા તેવો આક્રોશ પણ સંચાલકોએ વ્યક્ત કર્યો હતો.

ખરેખર બેઠક બોલાવવાના બદલે પ્રવેશ સમિતિએ હાલમાં આચારસંહિતા હોવાથી કોઈ જાહેરાતો થશે નહી તેવું ફોન પર જણાવી દીધું હોત તો પણ ચાલે તેમ હતું. સૂત્રો કહે છે છેવટે સંચાલકોની નારાજગીના કારણે જે કોલેજોમાં એક કે રજિસ્ટ્રેશન થયા હતા તેવી કોલેજોમાં હેલ્પસેન્ટર ન રાખવા જેવી સામાન્ય બાબતોની ચર્ચા કરવામાં આવી હતી. પ્રવેશ સમિતિના સત્તાધીશોના આ પ્રકારની કાર્યવાહી સામે સંચાલકોએ ભારે નારાજગી દર્શાવવા ઉપરાંત ઉચ્ચસ્તરે રજૂઆતો પણ કરી હતી. આ અંગે પ્રવેશ સમિતિના સત્તાધીશોનો સંપર્ક કરતાં તેઓ મળી શકયા નહોતા.

# ગાંધીજી અને ગોખલે

પહેલે જ દહાડે ગોખલે એ મને હું મહેમાન છું એવું ન ગણવા દીધું. હું તેમનો સગો નાનો ભાઈ હોઉં એમ મને રાખ્યો. મરી હાજતો બધી જાણેએ લીધી ને તેને અનુકૂળ થવાની તજવીજ કરી લીધી. સારે નસીબે મરી હાજતો થોડી હતી. બધું જાતે કરી લેવાની ટેવ મેં કેળવી હતી, તેથી મારે થોડી જ સેવા લેવી રહેતી. સ્વાવલંબનની મારી આ ટેવની, મારી તે કાળની પોષ્હાક વગેરેની સુઘડતાની, મારા ઉદમની, ને મારી નિયમિતતાની તેમના પર ઊંદી છાપ પડી, ને તેની હું અકળાઉં એટલી સ્તુતિ કરવા લાગ્યા.

તેમને મારાથી છાનું એવું કશું હોય એમ મને ન ભાસ્યું. જે કોઈ મોટા માણસો તેમને મળવા આવતા તેમની મને ઓળખાણ કરાવતા. આવી ઓળખાણોમાં મારી નજર આગળ અત્યારે સૌથી વધારે તરી આવે છે દા. પ્રફુલ્લ ચંદ્રરૉય. તેઓ ગોખલેના મકાનની પાસે જ રહેતા ને લગભગ હંમેશા આવતા એમ કહી શકાય.





'આ પ્રોફેસર રૉય, જેમને દર મસ્ આઠસો રૂપિયા મળે છે, અને જે પોતાના ખર્ચને સારુ રૂ ૪૦ રાખી બાકીના બધા જાહેર કામમાં આપી દે છે. તેઓ પરણ્યા નથી અને પરણવા માગતા નથી.' આવા શબ્દોમાં ગોખલી મને તેમની ઓળખાણ કરાવી.

આજના દા. રૉયમાં અને ત્યારના પ્રો રોયમાં હું થોડો જ ભેદ જોઉં છું. જેવી જાતનો પોશાક ત્યારે પહેરતા તેવો જ લગભગ આજે છે. હા, આજે ખાદી છે; ત્યારે ખાદી તો નહોતી જ; સ્વદેશી મિલની બનાવટનાં કપડાં હશે. ગોખલેની અને પ્રો રોયની વાતો સાંભળતા હું તૃપ્ત જ ન થતો, કેમ કે તેમની દેશહિતને જ લાગતી હોય અથવા કોઈ જ્ઞાનવાર્તા હોય. કેટલીક વાતો દુઃખદ પણ હોય, કેમ કે તેમાં નેતાઓની ટીકા હોય. જેમને હું મહાન યોદ્ધા ગણતાં શીખ્યો હતો તેઓ નાન દેખાવા લાગ્યા.

ગોખલેની કામ કરવાની પદ્ધતિથી મને જેટલો આનંદ થયો તેટલું જ શીખવા મળ્યું. તેઓ પોતાની એક પણ ક્ષણ નકામી ન જવા દેતા. તેમના બધા સંબંધો દેશકાર્યને અંગે જ હતા એમ મેં અનુભવ્યું. બધી વાતો પણ દેશ કાર્ય ને ખાતર. વાતોમાં મેં ક્યાંયે મલિનતા. દંભ કે જૂઠ ન જોયાં. હિંદુસ્તાનની કંગાલિયત અને પરાધીનતા તેમને પ્રતિક્ષણ ખૂંચતી. અનેક માણસો તેમને અનેક બાબતોમાં સ્ર લેવડાવવા આવે. તેમને એક જ જવાબ દેતાઃ ' તમે એ કામ કરો. મને મારું કરવા દો. મારે તો દેશની સ્વાધીનતા મેળવવી છે. તે મળ્યા પછી જ મને બીજું સૂઝશે. અત્યારે તો એ વ્યવસાયમાંથી મારીએ પાસે એક ક્ષણ પણ બાકી રહેતી નથી.'

રાનડે પ્રત્યેનો તેમનો પૂજ્યભાવ તો વાતવાતમાં જોઈ શકાય. 'રાનડે આમ કહેતા' એ તો એમની વાત ચીતમાં લગભગ 'સૂત ઉવાચ' જેવું હતું. હું હતો તે દરમ્યાન રાનડેની જયંતી (કે પુણ્યતિથિ એનું અત્યારે સ્મરણ નથી) આવતી હતી. ગોખલે તે હમેંશા પાળતા હોય તેમ લાગ્યું. તે વખતે મારા ઉપરાંત તેમના મિત્રો પ્રોફેસર કાથવટેઅને બીજા એક સબજજ ગૃહસ્થ હતા. એમને તેમણે જયંતી ઊજવવા નોતર્યા, અને તે પ્રસંગે તેમણે અમારી આગળ રાનડેના અનેક સ્મરનો કહ્યાં. રાનડે, તેલંગ અને મંડલિકની સરખામણી પણ કરી. તેલંગની ભાષાની સ્તુતિ કર્યાનું મને સ્મરણ છે. મંડલિકની સુધારક તરીકે સ્તુતિ કરી. પોતાના અસીલ પ્રત્યેની તેમની કાળજીમા દ્રષ્ટાંતમાં, રોજની ટ્રેન ચૂકી જવાથી પોતે સ્પેશિય ટ્રેન ક્રીને કેવા ગયેલા, એ કિસ્સો સંભળાવ્યો. અને રાનડેની સર્વદેશી શક્તિનું વર્ણન કરી બતાવી, તે કાળના અગ્રણીઓમાં તેમની સર્વોપરિતા બતાવી. રાનડે માત્ર ન્યાયમૂર્તિ નહોતા. તેઓ ઈતિહાસકાર હતા, અર્થશાસ્ત્રી અહ્તા, સુધારક હતા. પોતે સરકારી જડ્જ હોવા છતાં પન મહાસભામાં પ્રેક્ષક તરીકે નીડર પણે હાજરી આપતા. તેમ તેમના ડહાપણ ઉપર બધાને એટલો વિશ્વાસ હતો કે , સહુ તેમના નિર્ણયોનો સ્વીકાર કરતા. આ વરાણ કરતાં ગોખલેના હર્ષનો કંઈ પાર ન રહેતો. (ક્રમશઃ)

- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર